અનુસૂચિત જાતિના લોકોને ખેતીની જમીન
ખરીદવા નાણાંકીય સહાય આપવા બાબત.

... અનુસૂચિત જાતિ કલ્યાણ
... ગાંધીનગર
5 APR 2006
(૫૫)
આવક નંબર ..............

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ—એસસીડબલ્યુ—૧૦૨૦૦૬—નબાં.૨—ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ— 23 MAR 2007

વંચાણે લીધાઃ— સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ—૫/૯/૯૭ નો ઠરાવ—ક્રમાંક—એસસીડબલ્યુ—૧૦૯૬—ન.બા.૨૫ (૯૭)—ગ.

ઠ રા વઃ—

આમુખમાં દર્શાવેલ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૫—૯—૯૭ નાં ઠરાવ ક્રમાંક—એસસીડબલ્યુ—૧૦૯૬—ન.બા.૨૫ (૯૭) —ગ માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિના ખેતમજૂરોને ખેતીની જમીન ખરીદવા માટે એકરદીઠ ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૧૦,૦૦૦/— પૈકી બેમાંથી જે રકમ ઓછી હોય તે ધોરણે ૨ એકર જમીન માટે વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/— નાણાંકીય સહાય આપવાનું ઠરાવેલ છે.

પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતાં આ યોજનામાં આપવામાં આવતી નાણાંકીય સહાયમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ અનુસૂચિત જાતિના લોકોને ખેતીની જમીન ખરીદવા માટે અપાતી નાણાંકીય સહાયમાં નીચે જણાવેલ શરતોને આધિન વધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

શરતોઃ— (૧) એકર દીઠ કિંમતના ૫૦% અથવા રૂા.૨૫,૦૦૦/— પૈકી બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની રહેશે, આ ધોરણને આધિન રહીને બે એકર માટે વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/— ની સહાય આ યોજના હેઠળ આપવાની રહેશે.

(૨) આ યોજનાનો લાભ ફકત બી.પી.એલ.લાભાર્થીઓને જ આપવામાં આવશે.
(૩) આ યોજના અંગેનું ખર્ચ તા.૧—૪—૦૭ થી કરવાનું રહેશે.
(૪) સને ૨૦૦૭—૦૮ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૫) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
(૬) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૦૭—૦૮ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈના નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

મુખ્ય સદર —૨૨૨૫ અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૧—અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર —૧૦૨—આર્થિક વિકાસ, પેટા —સદર—બીસીકે—૪૪—અનુસૂચિત જાતિના ખેડૂતોને કૃષિ વિષયક જમીન ખરીદવા માટે નાણાંકીય સહાય.

(પાછળ)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૯-૩-૨૦૦૭ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(શ્રીમતિ એસ. આર. ભુરિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા
વિભાગ

પ્રતિ,

(૧) મા. મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) મા. રાજયકક્ષા મંત્રીશ્રી, (સા.શૈ.પ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ
(૫) તમામ જિલ્લા પછાતવર્ગ અધિકારીશ્રીઓ
(૬) એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી/ગાંધીનગર
(૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી/ગાંધીનગર
(૯) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૦) મહેસૂલ વિભાગ /તમામ કલેકટરશ્રીઓ
(૧૧) નાણાં શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૨) સિલેકટ ફાઈલ

એપીઝેડ-૪૯